# કુંભારવાડામાં નવ શખ્સોએ મળી ફિલ્મી સ્ટાઈલથી જમીનના દલાલ ઉપર હુમલો

## આરોપી પિતા તેના ચાર પુત્રો સહિતના લોકો સામે ફરિયાદ

ભાવનગર,તા.ર

ભાવનગરના કાળાતળાવ ગામે રહેતા એક જમીન દલાલ કુંભારવાડા ખાતે આવ્યા હતા અને અગાઉ કરેલ રૂપિયાની ઉઘરાણીની દાઝ રાખી ચાર પુત્રો, પિતા સહિત નવ શખ્સો તેમને જોઇ જતાં, બાઇક લઇને પસાર થઇ રહેલા જમીન દલાલને ફિલ્મી સ્ટાઇલે રોડ ઉપર ઘેરી લીધા હતા અને બાદમાં ધારિયા, લોખંડના પાઇપ, લાકડાના ધોકા જેવા હથિયારો વડે દલાલ ઉપર જીવલેણ હુમલો કરી, શરીરના જુદા જુદા ભાગો ઉપર ગંભીર ઘા ઝીંકી, લોહીલુહાણ કરી ફરાર થયા હતા.

આ જીવલેણ હુમલાની ઘટના બનતા બોરતળાવ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે ધસી જઇ કાર્યવાહી હાથ ધરી હતી. જે મામલે જમીન દલાલે નવ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના કાળાતળાવ ગામે હેતા ચેતનભાઇ ઉર્ફે સંજયો બટુકભાઇ મેરએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, દોઢેક વર્ષ અગાઉ નવાગામના ભાણગઢ ગામે ગગજીભાઇ લાખાભાઇ મકવાણાના ભાઇઓની જમીન વેચાણ કરી હતી. જેના તેમને દલાલી પેટે રૂા. ૭.૫૦ લાખ મળ્યા હતા. જે બાદ ગગજીભાઇ અને તેમના પુત્રો દ્વારા ચેતનભાઇ પાસેથી કટકે કટકે રૂા. ૭.૫૦ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. જે રૂપિયાની ચેતનભાઇને જરૂર પડતાં અવાર નવાર ગગજીભાઇ પાસે આ રૂપિયાની માંગણી કરેલ હતી. જે દરમિયાન ગઇકાલે તેઓ કાળાતળાવથી તેમના કુંભારવાડા માં તેમના સાઢુભાઇના ઘરે આવેલ હતા. જેની જાણ ગગજીભાઇ તેના ચાર પુત્રો સહિત નવ શખ્સોને જાણ થઇ જતાં, જમીન દલાલ ચેતનભાઇનું બાઇક ઉભું રખાવી, ચેતનભાઇ કંઇ સમજે એ પહેલા જ નવ શખ્સોએ હથિયારો લઇ આવી, ફિલ્મી સ્ટાઇલે બાઇકને ઘેરી લઇ, ચેતનભાઇ ઉપર ધારિયા, લોખંડના પાઇપ, ધોકા સહિતના હથિયારોથી જીવલેણ હુમલો કરી, ગંભીર ઇજાઓ કરી ફરાર થયા હતા. કુંભારવાડા વિસ્તારમાં રસ્તા ઉપર હુમલો કરવામાં આવતા લોકોમાં ભારે ભય ફેલાયો હતો. સારવારમાં રહેલા ચેતનભાઇએ ગગજી લાખાભાઇ, રાકેશ ગગજીભાઇ, ભાવેશ ગગજીભાઇ, મહેશ ગગજીભાઇ, પ્રવિણ ગગજીભાઇ, વિજય ઉર્ફે ભટ્ટો ભરતભાઇ, જયસુખ ઉર્ફે કટીયો રસાભાઇ, હરેશ અને ભરત વિરૂદ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઘોઘાના મોટા ખોખરા ગામે પિતા- પુત્ર પર હુમલો



ભાવનગર,તા.ર

ઘોઘા તાલુકાના મોટા ખોખરા વાડી વિસ્તારમાં જૂની અંગત અદાવતને લઈને એક ખેતમજૂર અને તેના પુત્ર પર ચાર શખ્સોએ હુમલો કર્યો હતો, હુમલામાં પિતા-પુત્રને ઇજા પહોંચતા તેમને હોસ્પિટલમાં સારવાર લઈ વરતેજ પોલીસ મથકે ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, પોલીસ ફરિયાદ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ ?ફરિયાદી હરજીભાઇ લાલાભાઇ ડાભી (ઉ.વ.૫૫, ધંધો-ખેતમજૂર) એ પોલીસને જણાવ્યું કે, તા.૧ ડિસેમ્બરના રોજ બપોરે આશરે ૧૨.૩૦ વાગ્યાની

## એક જ પરિવારના ચાર સભ્યોએ લોખંડના પાઇપ અને લાકડી વડે હુમલો કર્યાની નોંધાઇ પોલીસ ફરિયાદ

આસપાસ તેમનો નાનો પુત્ર ચિરાગ ડાભી (જે જે.સી.બી. ડ્રાઈવર છે) બાંભણીયા ગામેથી કામ પતાવી પોતાની મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે ચિરાગ ડાભી ગામના બુધા બાબુભાઈ ડાભીની વાડી પાસેથી પસાર થયો, ત્યારે બુધા અને તેના ભાઈ વિક્રમએ તેને રોક્યો હતો. વિક્રમે ગાળાગાળી કરીને ચિરાગને "અહીંથી કેમ નીકળ્યો છે" તેમ કહીને તેની પાસે રહેલી લાકડીનો એક ઘા તેના વાસાના ભાગે માર્યો હતો. ચિરાગ ગભરાયેલી હાલતમાં ઘરે પરત ફર્યો હતો. પુત્ર પર હુમલો થતાં હરજીભાઇ જાતે બુધા અને વિક્રમને ઠપકો આપવા માટે તેમની વાડીના ઝાંપા પાસે પહોંચ્યા હતા. ઠપકો આપતા જ બુધા ઉશ્કેરાઈ ગયો હતો અને ઝાંપા પાસે પડેલો લોખંડનો પાઇપ લઈને હરજીભાઇ પર હુમલો કર્યો હતો. હરજીભાઇએ વચ્ચે હાથ આડો રાખતા પાઇપનો ઘા તેમના જમણા હાથની કોણી પાસે વાગ્યો હતો, જેનાથી તેમને ઈજા પહોંચી હતી. દેકારો થતાં બુધાનો ભાઈ વિક્રમ તથા તેના દીકરાઓ પંકજ અને અલ્પેશ પણ ત્યાં આવી ગયા હતા અને પિતા-પુત્ર બંનેને ગાળાગાળી કરી હતી, ઈજાગ્રસ્ત થતા પિતા-પુત્રએ સારવાર અર્થે સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર બાદ પોલીસ સ્ટેશનમાં બુધા બાબુભાઈ ડાભી, વિક્રમ, પંકજ અને અલ્પેશ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી,

હુમલાનું કારણ ચાર વર્ષ જૂની અદાવત?ફરિયાદમાં હરજીભાઈએ જણાવ્યું છે કે આ હુમલાનું મુખ્ય કારણ આશરે ચાર વર્ષ પહેલાં બુધા બાબુભાઈ ડાભીની દીકરી બાબતે તેમની વચ્ચે થયેલી બોલાચાલીનું મનદુઃખ છે. આ જૂના ખારને કારણે જ બુધાના ભાઈ વિક્રમે વાડીના ઝાંપા પાસેથી નીકળેલા તેમના પુત્રને લાકડી મારી ઈજા પહોંચાડી હતી.

# સાતપડાની શાળા ખાતે POCSO એક્ટ અન્વયે યોજાયો સેમીનાર

### પોક્સો એક્ટનું મહત્વ તેમજ મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી

ભાવનગર,તા.૦૨

ભાવનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના સાતપડા ગામની પી. એન. જોગાણી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે POCSO એક્ટ અન્વયે ગુડ ટચ બેડ ટચ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સાતપડા હાઈસ્કુલના આચાર્ય ભરતભાઈ ગોટીએ BBBP, પોક્સો એક્ટનું મહત્વ તેમજ મહિલાલક્ષી યોજનાઓના મહત્વ અંગે સમજ આપી હતી. DCPUના સોશ્યલ વર્કર નીશાબેને પોક્સો એક્ટની સમજની સાથ કાયદાનું મહત્વ અંગેની જાણકારી આપી હતી.૧૦૯૮ હેલ્પલાઈનના કાઉન્સેલર વિવિધ હેલ્પલાઇન નંબરોની કામગીરી અંગે વાકેફ કર્યા હતાં. મિશન કો-ઓર્ડિનેટર દ્વારા મહિલા અને બાળ વિકાસની યોજના તેમજ દિકરીઓના હેલ્થ અને પોષણ અંગે માહિતી આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન DHEW યોજનાના જેન્ડર સ્પેશ્યાલીસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડિસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન (DHEW) મિશન કો-ઓર્ડિનેટર સંજયભાઈ ઘાઘરેટીયા, જેન્ડર સ્પેશ્યાલીસ્ટ અજયભાઇ ધોપાળ તેમજ જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) ના સોશ્યલ વર્કર નીશાબેન મકવાણા, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈનના કાઉન્સેલર લીનાબેન રાઠોડ સહિત ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# KBCમાં ચમક્યો ભાવનગરના બાવળિયાળીનો યુવક

## 'રંગીલા બાપુ'ના નામથી ઓળખાતા ફની મિજાજના યુવકે ખુલ્લેઆમ કહી દીધું કે, "હું શ્રદ્ધા કપૂરનો ક્રેઝી ફેન છું અને મારી વિશ છે કે એક વાર એમને ડેટ પર લઈ જાઉં!

ભાવનગર,તા.ર

ભાવનગર જિલ્લાના બાવળિયાળી ગામના ૨૮ વર્ષીય હરપાલસિંહ ગોહિલે 'કૌન બનેગા કરોડપતિ'ની હોટ સીટ પર બેસીને દેશભરના દર્શકોનું દિલ જીતી લીધું છે. ગામમાં 'રંગીલા બાપુ'ના નામથી ઓળખાતા આ ફની મિજાજના યુવકે અમિતાભ બચ્ચન સામે ખુલ્લેઆમ કહી દીધું કે, "હું શ્રદ્ધા કપૂરનો ક્રેઝી ફેન છું અને મારી વિશ છે કે એક વાર એમને ડેટ પર લઈ જાઉં!" KBCમાં ૫ લાખ જીતનાર આ યુવકે જાહેર મંચમાં પોતાને થયેલા અનુભવો શેર કર્યા. આ રોમાંચક એપિસોડ રાત્રે ૯ વાગ્યે સોની ટીવી પર જોવા મળશે.

૨૮ વર્ષીય હરપાલસિંહે દ્વમ્ઝના મંચના બે દિવસના અનુભવ શેર કરતા કહ્યું-સેટનો માહોલ ટીવીમાં જોઈએ અને રિયલમાં જોઈએ એ બહુ જ ફેર હોય છે



પહેલી જ વખત હું જ્યારે એન્ટર થયો ત્યારે હું જોતો જ રહી ગયો કે આ મંચ કેવડો મોટો છે? કેટલું પબ્લિક બેઠું હોય? અહીંયા સરની જ્યારે એન્ટ્રી થઈ ત્યારે તો તાળીઓના ગળગળાટ સાથે દ્વમ્ઝનો સેટ ગુંજી ઉઠ્યો હતો. હું આમ જોતો જ રહી ગયો અને મારી આંખો ચાર થઈ ગઈ હતી, હું જોઈને ચોંકી ગયો કે આ મારું સપનું તો નથી ને...

### મને શ્રદ્ધા કપૂર ખૂબ જ ગમે છે તેમ કહેતા જ બીગબી એ લગાવ્યો ફોન !

અમિતાભ બચ્ચન સાથેની વાતચીત દરમિયાન હરપાલસિંહે ખુલ્લા દિલે કહ્યું કે, "સર, મને શ્રદ્ધા કપૂર ખૂબ જ ગમે છે. હું એમનો સૌથી મોટો ફેન છું અને મારી સૌથી મોટી વિશ છે કે, એક વાર એમને ડેટ પર લઈ જાઉં." આ સાંભળીને બિગ બીએ તરત જ હસતાં-હસતાં કહ્યું કે "ચાલો, હું હમણાં જ શ્રદ્ધાને ફોન કરું છું." મંચ પરથી જ અમિતાભ સરે શ્રદ્ધા કપૂરને કોલ કરવાનો પ્રયત્ન કર્યો પણ શ્રદ્ધા કોઈ ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હોવાથી કોલ કનેક્ટ ન થયો તો પણ અમિતાભે કેમેરા સામે જ શ્રદ્ધા સુધી મેસેજ પહોંચાડી દીધો કે, "શ્રદ્ધા, તમારો એક ક્રેઝી ફેન અહીં મારી સામે હોટ સીટ પર બેઠો છે. એ તમને ખૂબ જ પસંદ કરે છે. જ્યારે પણ ટાઈમ મળે ત્યારે એની સાથે વાત કરજો." આ મેસેજ સાથે જ સ્ટુડિયોમાં તાળીઓનો ગડગડાટી ગુંજી ઉઠ્યો હતો.

# મહુવા પાસે બોલેરો-ટ્રેક્ટર અથડાતા ત્રણ ઈજાગ્રસ્ત

ભાવનગર,તા.ર

મહુવા-સાવરકુંડલા હાઈવે પર નેસવડ નજીક ડુંડાસ ચોકડી પાસે મોડી રાત્રે ટ્રેક્ટર અને બોલેરો પીકઅપ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ટ્રેક્ટરમાં સવાર ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, ડુંડાસ ચોકડી નજીક બોલેરો પીકઅપે ટ્રેક્ટરને ટક્કર મારી હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો. ઈજાગ્રસ્તોમાં મોટા આસરાણાના ૩૫ વર્ષીય શુકલભાઈ નાનાભાઈ વાઘેલા અને ૪૫ વર્ષીય રમેશભાઈનો સમાવેશ થાય છે. તેમને પ્રાથમિક સારવાર માટે મહુવાની જનરલ હોસ્પિટલ અને હનુમંત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યારે, નરશીભાઈ રામભાઈ લાડુમોરને વધુ સારવાર માટે ભાવનગર રિફર કરવામાં આવ્યા હતા.

# ભાવનગર ગ્રામ્યનો ૨૪ ડિસેમ્બરે યોજાશે સ્વાગત ફરિયાદ નિવારણ

ભાવનગર,તા.૦૨

ભાવનગર તાલુકાની જાહેર જનતા માટે ડિસેમ્બર - ૨૦૨૫નાં માસનાં મુખ્યમંત્રી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન તા.૨૪.૧૨.૨૦૨૫ બુધવારનાં રોજ સવારે ૧૧ કલાકે તાલુકા મામલતદાર કચેરી, આઈ.ટી.આઈ.વાળો ખાંચો, વિદ્યાનગર ખાતે જિલ્લા કલેકટર, ભાવનગરના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું છે. ભાવનગર તાલુકાના પ્રજાજનોને ગ્રામ્યકક્ષાના પ્રશ્નો માટે સંબંધિત તલાટી-કમ-મંત્રીને તથા તાલુકા કક્ષાના પ્રશ્નો હોય તે તા.૧૦ ડિસેમ્બર સુધીમાં મામલતદાર, ભાવનગર (ગ્રામ્ય), ભાવનગરની કચેરીને સાદી અરજીમાં બે નકલમાં પહોંચાડી આપવા મામલતદાર, ભાવનગર (ગ્રામ્ય)ની યાદીમાં જણાવ્યું છે.

# ગારિયાધારની નવાગામ પ્રાથમિક શાળાના આચાર્યને ફરજ મોકૂફ કરાયા

### કલેકટર બંસલને નવાગામની મુલાકાત સમયે મળેલ ફરિયાદ અન્વયે તંત્રની ત્વરિત કાર્યવાહી

ભાવનગર,તા.૦૨

ગારિયાધારની નવાગામ પ્રાથમિક શાળાના આચાર્ય ધનશ્યામભાઈ મહાશંકરભાઇ જોષીની શાળામાં અનિયમિતતા અંગેની ફરિયાદો બાદ ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. આ અંગેની ફરિયાદ ભાવનગર જિલ્લા કલેકટર ડૉ. મનીષ કુમાર બંસલને નવાગામની મુલાકાત દરમ્યાન ગામલોકો દ્વારા કરવામાં આવતા તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી છે.

ધનશ્યામભાઈ મહાશંકરભાઇ જોષી, આચાર્ય, નવાગામ પ્રાથમિક શાળા, તા. ગારીયાધાર, જિ. ભાવનગર સામે તેઓની શાળામાં અનિયમિતતા બાબતે ફરિયાદો ઉઠેલ હતી જે અંગે જિલ્લા કલેકટર ડૉ. મનીષકુમાર બંસલની તા.૨૪/૧૧/૨૦૨૫ ની રૂબરૂ મુલાકાત દરમિયાન મળી હતી. ત્યારબાદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગારીયાધાર દ્વારા કરવામાં આવેલ તપાસ અહેવાલ મુજબ ધનશ્યામભાઈ મહાશંકરભાઇ જોષી શાળામાં નિયમિત હાજર રહેતા નથી તેવું ગ્રામજનોના નિવેદનો પરથી ફલિત થયેલ હતું.

ધનશ્યામભાઈ મહાશંકરભાઇ જોષીને શિક્ષણ વિભાગના તા. ૦૭/૦૨/૨૦૧૪ ના ઠરાવથી નિયત થયેલ આચારસંહિતાની સામાન્ય ફરજો ૨(ડ)નો સ્પષ્ટ ભંગ કરેલ હોવાનો અભિપ્રાય તપાસ અહેવાલમાં રજૂ થયેલ છે. આ ગંભીર બેદરકારી અને અનુશાસનહિનતા સબબ તેઓ વિરુદ્ધ ખાતાકીય તપાસ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ કારણોસર તેઓને સક્રિય સેવામાં ચાલુ રાખવા જાહેર વહીવટી હિતમાં ન હોઇ, તેઓને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ-૫(૧)(ક) તેમજ ગુજરાત પંચાયત સેવા(શિસ્ત અને અપીલ)ના નિયમ-૧૯૯૭ ની કલમ-૫(૨-૬) ની જોગવાઈ હેઠળ તાત્કાલિક અસરથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભાવનગર દ્વારા ફરજમોકૂફી હેઠળ મૂકવામાં આવ્યા છે.

# બોટાદ સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે ગીતા મહોત્સવ ઉજવાયો

### ગીતા કંઠપાઠ યોજના અંતર્ગત કુલ ૧૪૨ વિજેતાઓને પ્રમાણપત્રો વડે સન્માનિત કરવામાં આવ્યા





તસવીર : વિપુલ લુહાર

બોટાદ,તા.ર


ગુજરાત સરકાર તથા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના પવિત્ર સંકલ્પ અને માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ભારતીય જ્ઞાન-પરંપરાના સંવર્ધન અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના મહિમાના પ્રસાર માટે અનેક કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ જ આધ્યાત્મિક યજ્ઞના પવિત્ર ભાગરૂપે ગીતા જયંતીના પર્વની ઉજવણી માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં "જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ શૃંખલા અંતર્ગત બોટાદ જિલ્લા સ્તરીય ઉજવણી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, બોટાદ દ્વારા કરવામાં આવી.


આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે મોડેલ સ્કૂલ તળાજાના આચાર્ય વિશાલભાઈ રાજ્યગુરુ, પૂર્વ શિક્ષણાધિકારી તથા સંસ્કૃત ગૌરવ પરીક્ષા રાજ્ય અધ્યક્ષ મનોજભાઈ ઉપાધ્યાય સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શંખનાદ, ગીતાપૂજન બાદ ડો.વિક્રમસિંહ પરમારના સ્વાગત પ્રવચનથી કાર્યક્રમનો આરંભ થયો. નોડલ અધિકારી વનિતાબેન પંચાલે સંસ્કૃત બોર્ડના વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી. પુજય માધવસ્વરૂપદાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા.સંસ્કૃત ભારતી બોટાદ જિલ્લા સંયોજક ડો.આનંદભાઈ ગઢવીએ ભગવદ્ ગીતા અધ્યાય-૧૨નું પઠન કરાવ્યું.જ્યારે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. ભરત વઢેરે ભારતીય મૂલ્યો, ભારતીય શિક્ષણ પ્રણાલી અને શ્રીમદ્ ભગવદ્ ગીતા વિષયક પોતાના મૌલિક ચિંતન દ્વારા માર્ગદર્શન પૂરું પાડ્યું. આ પ્રસંગે ગીતા કંઠપાઠ યોજનાના અંતર્ગત કુલ ૧૪૨ વિજેતાઓને પ્રમાણપત્રો વડે સન્માનિત કરવામાં આવ્યા. સંસ્કૃત પ્રદર્શની તેમજ પુસ્તક પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભગવાનપરા શાળા આચાર્ય દર્શનભાઈ પટેલે સંભાળ્યું હતું.

# માયધાર ગામે આહીર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

ઉમરાળા,તા.ર

આહીર સમાજ દ્વારા માયધાર મુકામે યોજાયેલ ભવ્ય સમુહલગ્ન સમારંભ સમાજની સંસ્કૃતિ, એકતા અને માનવસેવાનું અનોખું પ્રતિક સાબિત થયો. કન્યાદાન સાથે રક્તદાન આ બે પવિત્ર કાર્યને એક સાથે જોડીને સમાજે સેવા અને સંસ્કારની નવી દિશા દર્શાવી સમારંભ પૂજ્ય સંત રઘુનંદનદાસ બાપુ,સંત સ્વરૂપાનંદ સરસ્વતીજી તથા





તસવીર : નિલેશ ઢીલા

આહીર સમાજના અગ્રણી રામભાઈ સાંગા, પેથાભાઈ આહીર, મહેશભાઈ ખમળ, કનુભાઈ સોરઠીયા અને ભાણાભાઈ ડાંગર સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયો.

માયધાર લોકકલ્યાણ વિધાલયના વિધાર્થી ભાઈ-બહેનો તથા માયધાર પ્રાથમિક શાળાની દીકરીઓએ અનોખું સ્વાગત ગીત,અભિનય ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મહેમાનોનું મન જીતી લીધું. સમાજના વડીલો,યુવાનો તથા સંતોએ પ્રેરણાદાયક વક્તવ્યો રજૂ કર્યા જેમાં સમાજ એકતા, સંસ્કાર અને સેવા કાર્યના મહિમાની સુંદર ચર્ચા થઈ. આ પ્રસંગે રામભાઈ સાંગાના આગ્રહ અને માર્ગદર્શન હેઠળ રેડક્રોસ સોસાયટી ભાવનગરના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો જેમાં કુલ ૧૦૬ બોટલ રક્ત એકત્રિત થયું જે સમગ્ર વિસ્તાર માટે પ્રેરણાદાયક સેવા બની સમુહલગ્નની સફળતા માટે માયધાર,ભદ્રાવળ-૧, ૨, ૩, ટીમાણા, પાણિયાળા, બાબરીયાત,માંડવાળી,ભાલર, ભૂતિયા સહિતના ગામોના સ્વયંસેવકો અને આહીર સમાજ સમુહલગ્ન સમિતિએ અવિરત મહેનત કરી આહીર સમાજનો આ સમુહલગ્ન સમારોહ માત્ર વૈવાહિક સંસ્કાર નહી પરંતુ સેવા, સંસ્કાર અને સમાજ એકતાનું પ્રેરણાદાયક મંચ બની રહ્યો હતો.

## કન્યાદાન સાથે રક્તદાનના મહાસંકલ્પમાં આહીર સમાજે ૧૦૬ બોટલ રક્ત આપ્યું

# હવે ૧૧ ડિસેમ્બર સુધી ચાલશે ગણતરીનો તબક્કો, ૧૬ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ થશે

### ભારતના ચૂંટણી પંચે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની સમયમર્યાદા વધારાઈ

ભાવનગર,તા.૦૨

ભારતના ચૂંટણી પંચે ગુજરાત સહિત કુલ ૧૨ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. જેની સમયમર્યાદામાં વધારવામાં આવી છે.

જે અનુસાર ગણતરીનો તબક્કો ૧૧ ડિસેમ્બર સુધી ચાલશે. જ્યારે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ ડ્રાફ્ટ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. તદ્દુપરાંત તા.૧૬.૧૨.૨૦૨૫થી ૦૭.૦૨.૨૦૨૬ દરમિયાન વાંધા અરજી અને સુનાવણીની પ્રક્રિયા ચાલશે. ત્યારબાદ ૧૪.૦૨.૨૦૨૬ ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય"

